સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

સલામી સવારની..

ખદબદ ખાયકી વચ્ચે રહો ખૂશ, એજ શુભેચ્છા!
નકલી ખાઇ ખોરાક રહો તંદુરસ્ત, એજ શુભેચ્છા!
આઘાતો વચ્ચે ય ધબક્યા કરે હૃદય એજ શુભેચ્છા!
મોંઘવારી વચ્ચેય ટકી બચી જાવ, એજ શભેચ્છા!
(નૂતન વર્ષ અભિનંદન, વંદન)

હાઈકુ

નૂતન વર્ષ
ઉગે આશાઓ સાથે
એજ પ્રાર્થના..

ખોટાં વચને,
ભૂખે દુઃખી હૈયામાં -
પ્રગટે દીવા..

(સાલ મુબારક - સુપ્રભાતમ્)

ચિંતન

પંચ્ચિભિઃ કામિતા કુન્તી તદ્વધૂરપ્ય પંચમિઃ ।
સતીં વદતિ લોકોઅયં યશઃ પુણ્યૈરવાપ્યતે ॥

'કુંતીને પામવા, ઇચ્છનારા, કામના કરનારા પાંચ પતિઓ હતા. તેની વહુ-પુત્રવધુ-દ્રૌપદીને પણ પાંચ પતિઓ હોવા છતાં લોકો બંને ને આજે પણ સતીઓ જ કહે છે. ખરેખર યશ પુણ્યબળ-પૂર્વ જન્મના સત્કર્મોને કારણે જ મળે છે.'

કેટલીકવાર આપણે હૃદયપૂર્વક મહેનત-શ્રમ-કાર્ય તૂટી જઇએ છીએ છતાં પણ સફળતા કે સૂયશ મળતો નથી. એમાં આપણી નિષ્ઠા કે વફાદારીનો દોષ હોતો નથી કે આપણી મહેનત પરિશ્રમમાં પણ અધૂરપ હોતી નથી આમ છતાં પણ 'યશ' ન મળે એના પાછળનું કારણ 'ભાગ્ય' જ સમજવાનું થાય.

દા.ત. કોન બનેગા કરોડપતિમાં તમને બધા જવાબ આવડતા હોય પણ 'હોટ સીટ' પર તમે નથી બેઠા એ તમારી કમનશીબી જ છે ને!

કોઇ સમસ્યાઓ, કોયડાનો જવાબ માંગ્યો હોય, તમારો જવાબ સો ટકા સાચો જ હોય પણ 'કોમ્પ્યુટર' ડ્રોમાં તમારૂં નામ ન આવે એમાં કોનો દોષ?

..એટલે પુરૂષાર્થ કર્યા પછી પણ જો પૂર્વજન્મનાં પુણ્ય પાકતાં હોય ત્યારે જ નશીબ - ભાગ્ય તમારૂં - સમર્થન કરે..

તુલસીદાસ કહે જ છે 'જશ-અપજશ' બિધિ હાથ' પુણ્યબળે જ નામના-કીર્તિ-સફળતા મળે

સુવિચાર

- પરમ સત્ય શું છે એ હું નથી જાણતો, પણ તે વિશે મારા અજ્ઞાન હું નમ્રપણે સ્વીકારૂં છું - ખલિલ જિબ્રાન
- સત્યથી દુઃખ પડે તો પણ ક્યારેય સત્ય છોડો નહીં, અસત્યથી લાભ થતો હોય તો પણ સત્યનો અનાદર ન કરો - હજરત મહંમદ પયગંબર
- જે અસત્યમાં સત્યની કલ્પના કરે છે અને સત્યમાં અસત્યને જૂએ તે કદી સત્યને પામી શકતો નથી - ગૌતમ બુદ્ધ
- સત્ય કદાપિ મરતું નથી - ટાગોર
- માત્ર સત્યના હિયામતી નહીં, ખૂદ સત્ય સ્વરૂપ બનો - સ્વામી રામતીર્થ
- સત્યને વળગી રહેશો તો ઇશ્વરની પ્રાપ્તિ જરૂર થશે - રામકૃષ્ણ પરમહંસ
- સત્ય શાસ્ત્રમાં નહીં, વ્યવહારમાં વસે છે - વિનોબાજી

બોધ કથા

આજે તો સરકારમાં સેવકની કરી સેનાપતિ અને પટાવાળાથી પ્રધાન સુધીનાં બધાની નજર સરકારી તિજોરીમાંથી તફડંચીગ ગાડીનો દુરૂપયોગ શાકભાજી લેવા, છોકરાં નિશાળે લેવા-મૂકવા, નવાં મકાને પાણી છાંટવા 'હડક' સમજી કરે જ છે ને?

સર એમ. વિશ્વેસરૈયા સારા ઇજનેર હતા. તેથી જ મૈસૂરના રાજવીએ એમને દિવાન તરીકે રાખ્યા હતા. 'ઇજનેર' ની જ્ઞાતિના હતા. પણ પ્રામાણિકતા સાથે તો નાતો અકબંધ રાખ્યો હતો.

દિવાન તરીકે રાજ્યના પ્રવાસે હતા. એક નાનાં ગામડાંમાં રાતવાસો થયો. ત્યાં 'સર્કિટ' હાઉસ તો ન'તુ પણ ગામમાં વીજળી પણ ન હતી. રાત્રે મીણબત્તીમાં સરકારી કાગળ તપાસતા હતા.

.. ત્યાં ગામના સરપંચ મળવા આવ્યા.

વિશ્વેસરૈયાએ આવકારી પૂછ્યું. બોલો શું કામ હતું? સરપંચ કહે ના કંઇ કામકાજ તો નો'તું પણ મને થયું, અમારા ગામમાં આપ પધાર્યા છો. તમને એકલું ન લાગે એટલે અમસ્તી વાતો કરવાં આવ્યો છું..

વિશ્વસરૈયા ઉઠ્યા. એક બીજા મીણબત્તી પ્રકટાવી પહેલાં જે ચાલુ હતી, તે બૂઝાવી નાખી, અને પછી બેઠા-કહ્યું બોલો, શું સમાચાર છે?

સરપંચ કહે, પહેલાં તમે આ મીણબત્તીનું રહસ્ય સમજાવો, એક બંધ કરી, બીજી કેમ શરૂ કરી?

વિશ્વ સરૈયા કહે પહેલી-સરકારી હતી આ મારી આવકમાંથી ખરીદેલી છે. અમસ્તી વાતોમાં સરકારી મીણબત્તી તો ન જ વપરાય ને?!

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

નદીની અલ્લડતામાં જ્યારે ઠરેલ પણું આવે છે ત્યારે એ એક સરોવરનું સ્વરૂપ ધારણ કરી લે છે, છોકરીના જીવનમાં પણ લગ્ન પછી સ્વચ્છંદતા અને અલ્લડપણાની મર્યાદા આવી જતાં એક સરોવરની જેમ ગંભીર બની જાય છે

સુસવાટા મારતા પવનની સાથે બારીઓના કાચમાં ધ્રુજારી વ્યાપી રહી, પડદાઓ આમ ઉડાઉડ થવા લાગ્યા, અને માટલા ઉપર રાખેલો પ્યાલો ઢાંકણ સહીત નીચે ફર્શ પર પડી ગયો. લીલ ચોકીંને પથારીમાં બેઠી થઈ ગઈ. નિંદરમાં હોવાથી તેને કંઈ સમજાતું ન હતું. બહાર ભયંકર આંધી આવી હોય એમ લાગતું હતું. તેણે ગેલેરીમાં સુકવાયેલાં કપડાં લઈ લીધાં. ત્યાં અચાનક વીજળીના કડાકા સાથે કાળાં ડિબાંગ વાદળો વરસવા લાગ્યાં. ઝીલે બારી બંધ કરી અને ફરી પથારીમાં આવીને બેસી ગઈ.

તેણે કપડાં સંકેલ્યાં અને રહ્યા બનાવી. અર્ધો કલાક મુશળધાર વરસ્યા પછી વરસાદ જરા ધીમો પડ્યો. વરસાદને કારણે બફારો વધી ગયો. તે બાલ્કનીમાં ઉભી રહી રહાની ચુસકીઓ સાથે વૃક્ષો અને તેનાં પર્ણોને નિહાળવા લાગી. વૃક્ષોની ડાળીઓ એક બીજાં સાથે ભટકાઈ-ટકરાઈને પરસ્પર મિલન સુખનો અનુભવ કરતી હતી. મુરઝાયેલાં પર્ણો ખીલી ઉઠ્યાં હતાં. તેના મનમાં ઉમંગ પેદા થયો. તે પોતાની જાતને રોકી ન શકી તેથી મૌસમની આનંદ લૂંટવા ઘેરથી થોડે દૂર સરોવરને કિનારે બગીચામાં જઈ પહોંચી.

અનેક લોકો ત્યાં મૌસમની મસ્તીની મજા લઈ રહ્યા હતા. મદમસ્તી મૌસમ જાણે સૌ કોઈને રોમેંટીક કરી દીધા હતા. કોઈ પોતાના જીવનસાથી સાથે સંગીતના મધુર સ્વરોનો આનંદ લઈ રહ્યા હતા. તો કોઈ ગરમાગરમ મકાઈના ડોડા ખાવામાં મશગુલ હતા. કોઈ વેફર્સ, પોપકોર્ન અને કુરકુરેની મજા લેતાં હતા. તો કોઈ વળી ચાટ અને ભેળપુરીના તીથા તમતમતા સ્વાદમાં મસ્ત હતા. કોલડિંગ્સ અને આઈસક્રિમ તો જાણે કે યુવાદિલોની ધડકન બની ગયાં હતાં. સૌ કોઈ પોતપોતાની મોજ મસ્તીમાં લીન હતાં. તેમાં કોઈને બીજાં વિશે વિચારવાનો સમય જ ક્યાં હતો.

મસ્ત મૌસમને કારણે ઝીલ સરોવર કિનારે તો ખેંચાઈ આવી પણ ત્યાં તેના મનને શાંતિ ક્યાં હતી. અહીંનો તેના મનમાં ઠરેલા જળમાં વધુ વમળો પેદા થવા લાગ્યા. એક ક્ષણ માટે તો એને એમ થયું કે તે પાછી પોતાના રૂમે જળી રહે પણ પરિસ્થિતિથી ભાગવાનું તો તેને આવડતું જ ક્યાં હતું. તેને તો દરેક પરિસ્થિતિ સામે લડી લેવાનું જ ગમતું હતું. તેથી જ એ જિંદગીમાં આવેલ અનેકક ઉથલ પાથલો છતાં ખુબ જ સહજતાથી દરેક મુશ્કેલીનો સામનો કરતાં આગળ વધતી હતી.

સરોવરને જોઈને આજે તેને પોતાનું જીવન પણ સરોવર જેવું લાગવા લાગ્યું. લોકો ખાધેલા ડોડા, કોલ્ડિંગ્સના ડબલાં, વેફર્સ અને કુરકુરેનાં ખાલી પાઉચ સરોવરમાં નાંખતાં હતાં. તેનાથી સરોવરના પાણીમાં જરાક હલચલ થતી હતી. સરોવર જાણે કે મુક બનીને એ બધું સ્વીકારતું હતું. જે બધું લોકો તેના હિલ્લોળા લેતાં જળનો આનંદ લેતાં તેની લહેરોના સંગીતને આત્મસાત કરતાં તેને ઉપહાર સ્વરૂપે આપી રહ્યાં હતા.

સરોવર અને એક છોકરી બંનેમાં કેટલી સમાનતા છે. છોકરી તેમાં કેટલાં જખ્મોને પાલવ નીચે ઢાંકીને જીવે છે. બીજાને ખુશ રાખવા મૌન રહે છે. ન કોઈ દાદ ન ફરીયાદ બસ ત્યાગ. એવું જ તેને બચપણથી શીખવાય છે. સરોવરને પણ શૈશવથી વિરાય સ્વરૂપ થતાં કેટલો સમય લાગે છે. તેવું જ છોકરીઓનું પણ છે. દિકરી, બહેન, પત્ની, વહુ, માં, દાદી કેવાં કેવાં નારી સ્વરૂપો તે ધારણ કરે છે. છોકરીની યુવાની પહાડમાંથી ઉછળ કુદ કરી નીકળતી નદી જેવી હોય છે. જેને કિનારાની એક મર્યાદા હોય છે. જે કિનારાને તોડી, વટોળતી અલ્લડ નદીનો વેગ પુર લાવનારો હોય છે. પણ તે પછી ગંદો કાદવ કિંચડ અને કાંપ ફેલાઈ જાય છે. તેમ એક છોકરી પણ જ્યારે પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. ત્યારે તેનું વ્યક્તિત્વ પણ સમાજ માટે આદરણીય નથી રહેતું.

નદીની અલ્લડતામાં જ્યારે ઠરેલ પણું આવે છે ત્યારે એ એક સરોવરનું સ્વરૂપ ધારણ કરી લે છે. છોકરીના જીવનમાં પણ લગ્ન પછી સ્વચ્છંદતા અને અલ્લડપણાની મર્યાદા આવી જતાં એક સરોવરની જેમ ગંભીર બની જાય છે. ખરેખર તો બંનેનું જીવન એક સંઘર્ષ સમાન હોય છે. જેમાં ભાગવા કરતાં બહાદુરી પૂર્વક લડીને આગળ વધવાનું હોય છે. જ્યાં ડગલેને પગલે અગ્નિ પરીક્ષાઓ આપવી પડે છે.

આજ ઝીલનું જીવન પણ સરોવર જેવી કોઈ છોકરી સમાન હતું. જે અલ્લડતાની જગ્યાએ ગંભીરતા ધારણ કરી ચુક્યું હતું. સરોવરની દુર્દશા જોઈ તે અતિતમાં જઈ પહોંચી. તેને જીવનના કેવા કેવા મુકામો પરથી પસાર થવું પડ્યું? કેટ કેટલું સહન કરવું પડ્યું? સમાજે તેના પર આંગળી ચીંધી, તે પણ ડગલે ને પગલે અગ્નિ પરીક્ષાઓ આપી. લોકો એક ક્ષણમાં કેટલા બદલાઈ જાય છે. એ વાતનો અનુભવ તેને અંદરને અંદર ખોતરી ખાતો હતો. લોકોના બદલતા સ્વરૂપને તેનાથી વધુ કોણ સમજી શકે. મમ્મી-પપ્પાએ ઘણી સમજાવી છતાં પોતાના નિશ્ચિંત ધ્યેયને પહોંચી વળવા તેણે સમાજ સામે બાથ ભીડી. પ્રેમ આંધળો હોય છે. એ વાત તો તેને ત્યારે સમજાઈ જ્યારે ઝંકારે તેને બાય બાય કરી દીધું. સમાજનો સાથ અને વડીલોના આર્શીવાદનું જીવનમાં કેટલું મહત્વ છે તે તેને હવે સમજાતું હતું.

તે ઝંકારને બેહદ પ્રેમ કરતી હતી. ઝંકારે પણ તેની સાથે જીવવા-મરવાના કોલ આપ્યા હતા. કુટુંબીઓ આ સંબંધ બાબતે સંમત ન હતાં. તેથી બંનેએ પોતાના પ્રેમની મંઝિલને પામવા માટે પોતાના કુટુંબ સામે બગાવત કરી હતી. તે અને ઝંકાર ઘેરથી ભાગી નીકળ્યાં. મંઝિલ ક્યાં હતી? શું હતી? તેની તેમને કંઈ ખબર ન હતી. ઝંકારે તેને કહેલું કે તે એફ.એસ.એલ.માં સરકારી નોકરી કરે છે. તે રોજ નવી બાઈક લઈ ને આવતો અને સ્ટાઈલીશ કપડાં પહેરતો હતો. તેનાથી એ અંજાઈ ગઈ હતી. ઘરમાંથી જે કપડાં અને દાગીના તેમજ રોકડ રકમ હાથ લાગ્યું તે લઈને ઝંકાર સાથે એ ભાગી નીકળી હતી. બંને ગાંધીનગરથી જુનાગઢ અને ત્યાંથી દીવ પહોંચી ગયાં હતાં. દિવની હોટલમાં રોક્યાં પછી તો બંને વચ્ચે શારીરિક મર્યાદા પણ હવે રહી ન હતી.

આ તરફ ઝીલના કુટુંબીઓ તેને ચારે તરફ શોધતાં હતાં. તેમને ઝંકાર સાથેના ઝીલના સંબંધોની જાણ થતાં ઝંકારના પિતાને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે, ઝંકારની બદલી હરિયાણા થઈ છે તેથી એ ઘેર નથી. ઝીલ તેની સાથે ગઈ છે કે કેમ? તે પોતે એ લોકો મૌન રહ્યાં ત્યારે ઝીલનો ભાઈ, કાકા અને મોટાબાપાએ ચારે બાજુ તપાસ કરવા માંડી. કુવા, તળાવ અને નહેર, મિત્રો, સગાસંબંધી અને તીર્થધામો. તેમજ ફરવાના સ્થળોના ગેસ્ટ હાઉસોમાં તપાસ કરી પણ ઝીલનો ક્યાંય પત્તો મળતો ન હતો. તેમાં એક દિવસએ લોકો દિવ જઈ પહોંચ્યાં. અને ત્યાં અચાનક એક બીચ પર ઝીલ અને ઝંકારનો ભેટો થઈ ગયો. બંને એકબીજા બાંહોમાં ખોવાયેલાં હતાં. નાળીયેરીના ઝાડના પાંદડાને વીંધતો પવન વાતો હતો અને આમે દરીયો ઘુઘરાવતો હતો.

ઝીલ અને ઝંકારને સમજાવીને પાછાં લાવવામાં આવ્યો. પોલીસને જાણ કરેલી તેથી પોલીસ સ્ટેશને હાજર કરાં પોલીસે બંનેની પૂછપરછ કરવા માંડી. ઝંકારની પુછપરછ થતી હતી ત્યારે ઝઝીલ સામે બેઠી હતી. ઝંકારે તેને જે વાતો કરેલી તેના કરતાં વાસ્તવિકતા જુદી જ હતી. ઝીલની આંખો સામેથી મોહ અને કામાંધતાનાં પડદો દૂર થવા લાગ્યો. જે ઝીલને તે જીવનથી પણ વધુ ચાહતી હતી એ તેની એક કલાસમેટ ઉર્જા સાથે લગ્ન કરી ચુક્યો હતો. તેને હવે ખબર પડી કે તેને ખરેખર ફસાવવામાં આવી હતી. કુટુંબીઓ પાસે પણ તે મોઢું બતાવવા લાયક રહી ન હતી. શું કરવું? ક્યાં જવું? તેનું તેને કંઈ ભાન પડતું ન હતું.

તેને એ સમજાતું ન હતું કે તેનાથી આવી મોટી ભુલ કઈ રીતે થઈ ગઈ. જેના કારણે તેને આ સજા ભોગવવાની પડી. ઝંકાર હવે તેના જીવનથી ખૂબ દુર જતો રહ્યો હતો. ઝીલે હવે તેને પોતાનું નસીબ સમજી, પોતાનો રાહ નક્કી કરવાનું શરૂ કર્યું. તેના મનમાં આગણિત વણઉકલ્યા પ્રશ્નો જેના જવાબો કદાચ કોઈ પાસે ન હતા.

ઝંકારે ઉર્જા સાથે લગ્ન કરી લીધા હતાં. તો પછી ઝીલ સાથે પ્રેમનું નાટક શું કામ કર્યું? ઉર્જા કદાચ દેખાવે એટલી સુંદર ન હતી. છતાં કઈ મજબૂરી ને કારણે તેણે ઉર્જાને અપનાવી તે પણ ઝીલને સમજાતું ન હતું.

ક્યાં ખોવાઈ ગઈ માનવની માનવતા. ધા માટે તેનો પ્રેમ આવો સ્વાર્થી અને બેવફા નીવડ્યો? આ રંગ બદલતી દુનિયામાં આ રંગોની કાલિમા આવી કેમ છે? માનવીની હવસ આવી શા માટે? શું ફરી એવો કોઈ દિવસ આવશે કે માનવમાં આન્મીયતા, સચ્ચાઈ, પ્રેમ અને ઈમાનદારીને નીભાવવાની વાતને તે સાચા હૃદયથી વિચારશે. તે દિવસ કેવો હશે.

ઝીલ આવું બધું વિચારતી બેઠી હતી. ત્યાં બગીચાના ચોકીદારે આવીને કહ્યું, બહેન ઉભા થવા, સાંજ થઈ ગઈ છે. બગીચામાં બેસવાનો સમય પુરો થયો.

ચોકીદારની વાત સાંભળી ઝીલ અજાતના વિચારોમાંથી બહાર આવી. સરોવરનું જળ શાંત થઈ ગયું હતું. પંખીઓ પણ માળામાં જંપી ગયાં હતાં. સંધ્યા ઢળી જવાથી અંધારું ધીરે ધીરે તેનું સામ્રાજ્ય ફેલાવી રહ્યું હતું. ઝીલ ઉભી થઈ ચાલવા લાગી. રસ્તા પરની સ્ટ્રીટ લાઈટો ઝબકી રહી હતી. અને મંજીલ વગરના રસ્તે જાણે કે ઝીલ આગળ વધી રહી હતી.

- vanvihari@gmail.com

કોણ ચઢે?..હોમમેડ દિવાળી કે રેડિમેડ દિવાળી..!!

બચપનની મજાની યાદોમાં સચવાયેલી દિવાળીનાં દિવસોના આનંદથી બાળકો વંચીતનો વસવસો

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

સ્કૂલ સમયના સાથીદાર મિત્રો ઘ-૪ સામેના આંબેડકર ગાર્ડનમાં ભેગા થયેલાં, આમતો આ એમનો નિયમીત ક્રમ અને અત્યારે મોટા ભાગનાં જુના સેકટરનાં સરકારી મકાનો છોડી નવાં સેકટરોમાં પોતાનાં મકાનોમાં રહેવા જતાં રહેલાં, પણ પંદર દિવસે-મહિને મળવાનો વાયદો પાક્કો રાખેલો..

આમ તો ગ્રુપનાં મોટા ભાગનાં બધાં આવી ગયેલાં પણ આ ટોળકીની જાન એવો મુકલો હજી આવ્યો ન હોતો, મુકેશ જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી ધીગાંમસ્તી જામે જ નહી, કિશોરના ગીતોય મુકલો મસ્ત ગાય અને એકબીજાની ફિરકી લેવામાં એને કોઈના પહોંચે, હજી આ વાત ચાલતી હતી એટલામાં જ મુકેશ આવ્યો અને ઘ-૪નાં સર્કલનાં ખુણા બાજુ જવા લાગ્યો. જતાં જતાં બોલ્યો, ચલો, તમને બધાં કઈક મસ્ત વસ્તુ બતાવું.

બધાંની નજર મુકેશની હરકત પર હતી, એણે ખિસ્સામાંથી કંઈક કાઢ્યું, પછી માચીસ કાઢી. એનાં હાથમાં સિગારેટ જેવું કંઈ દેખાયું નહીં, એટલે હવે આ માચીસથી શું કરશે? એની આતુરતા હવે બધાને હતી. સંતોષથી રહેવાયું નહીં એણે મુકલાને કીધું કે હવે શું આ બાજુમાં આવેલા ગલ્લાને આગ લગાડવાનો છે? સંતોષની વાત સાંભળી મુકલાએ કટાક્ષભરી નજરે એની સામે જોયું. 'તું શું આમ કાયમ ઉતાવળો થાય છે' મુકલો ફરી એનાં કામે લાગ્યો. એણે માચીસમાંથી દિવાસળી કાઢી સળગાવી અને સાપોલીયાની ગોળીને ચાંપી. સાપની ગોળી સળગી અને એનાથી ધુમાડો નીકળી કાળો સાપ બહાર આવવાં લાગ્યો...!!

બધાં એકસાથે બોલ્યાં, 'મુકલા, આ શું બાળકો જેવી હરકત કરે છે?' આ બધું હવે આપણને ના શોભે? એટલે મુકલો બોલ્યો, 'દિલ તો બચ્ચા હૈ જી' અને બધાંના ચહેરા પર હાસ્ય છવાઈ ગયું... સંજય બોલ્યો, ક્યારેક માણસે નાના બનવું, બાળપણમાં ખોવાવું, ખુબ મજા પડે, નાનપણની હરકતો, વાનરવેડા, તોફાન, મસ્તી, હલ્લાં-ગુલ્લા અને આ બધાં સાથે નાનપણની દિવાળી.. આ વાક્ય પુરું થતાં તો સૌને પોતપોતાની નાનપણની દિવાળી યાદ આવવા લાગી...

અરે, નાના હતા ત્યારે પપ્પા ફટાકડાં લાવતાં, હું અને મારા ચાર ભાઈબહેન વચ્ચે ફટાકડાની વહેંચણી કરતાં, મોટો ભાઈ જબરો હતો એટલે મારા ભાગે ઓછા ફટાકડાં આવતાં, એ બોમ્બ-રૉકેટ લઈ લે તો મારા ભાગે તારા મંડળ, ચકરડી, કોઠી, બપોરીયા, લવીંગીયા જેવા ફાસફુસતા ફટાકડાં આવતાં, એવું ચેતન બોલ્યો.. ચેતનની વાત ચાલતી જ હતી એ દરમ્યાન હર્ષીત પણ એની બાળપણી દિવાળીનાં સ્મરણમાં ખોવાઈ ગયો, એને પણ નાનપણમાં કરેલી મજા યાદ આવી ગઈ..

સવાર સવારમાં નાહી ધોઈ તૈયાર થઈ નીચે સોસાયટીમાં નાસ્તા તળાતાં હોય એની મસ્ત સુવાસ નાકમાં ભરાય એટલે જીવ લલચાય... જેના ઘરે નાસ્તો બનતો હોય એને પટાવવાનો જાને થોડાં મઠીયા લેતો આવ અને જીતુ એનાં ઘરમાં મઠીયા લેવા ઘુસતો, એની મમ્મી ના પાડે એટલે મિત્રો બુમો પાડે, માસી, તમારાં રસોડામાં બિલાડી દુધ પીવે છે. માસી રસોડામાં દુધ જોવા જાય એટલામાં ૮-૧૦ મઠીયા લઈ જીતુ ભાગી જતો અને પછી એકાદ બંધ ઘરનાં ઓટલે ઝાપટવાનો કાર્યક્રમ થાય...

પ્રકાશ બોલ્યો, 'યાર, એ વખતે આપણી પાસે બહુપ પૈસા નહી અને મિઠાઈ તો આખું વરસ જોવા મળે નહીં એટલે જેનાં ઘરે મીઠાઈ

આવતી અથવા બનાવતાં એને પાછો ચણાનાં ઝાડ પર ચઢાવવાનો એટલે પેલો સ્નેહલ એનાં ઘરે હલવા અને સુતરફેણીની ડીશ ખાસ અમારાં માટે સાચવી અલગ રાખતો..

અરે, અમે તો રાત્રે ફટાકડાં ફોડતાં એમાં એકવાર મારાં કાન જોડે જ સુતળી બોમ્બ ફુટ્યો તે છેક લાભ પાંચમ સુધી ફાટેલાં ઢોલ જેવાં દરેકનાં અવાજ મને સંભળાતા, ત્યાર નો દીની આજની ઘડી સુતળી બોમ્બથી દુર જ રહું છું. વિશાલ બોલ્યો અને એમાં સેવકે ટાપશી પુરાવી મારા પપ્પા છે ને પેલાં લક્ષ્મી ટેટા લાવતાં એમાં અવાજ ઓછો આવે અને કાગળીયાં ખુબ નીકળે એટલે પપ્પા કહેતા તારે ત્યાં લક્ષ્મીનો વરસાદ થશે... સાલા આઠલા વર્ષો ગયાં લક્ષ્મી ટેટાં બંધ થયા પણ પેલી લક્ષ્મી કયા ખુણે સંતાઈ છે દેખાતી જ નથી...!

અત્યારે સાઈબાબા મંદિરનો પુજારો બની ગયેલો રાજલ બોલ્યો... 'હું તો છે ને ચોકઠાના ઓટલે ફટાકડાનાં ડબ્બો ભરીને બેઠેલો અને એકાએક કરીને લવીંગીયા ફોડતો તો એમાં ભૂલથી એ ફટાકડો દૂર ફેંકવાની જગ્યાએ પેલા ડબ્બામાં નાખ્યો પછી શું? ધડાધડ પાંચ જ મિનિટમાં પુરા ફટાકડાનાં ધુમાડો થઈ ગયો.. બધાં મિત્રો એક પછી એક યાદ કરતાં અને આજે આ આખું મિત્રમંડળ નાના ભુલકાઓ જેવું બની વાતો કરતું હતું...!

મારા દાદા જેલ સુપરીટેન્ડન્ટ હતાં અને ફટાકડાંનાં જબરજસ્ત શોખીન વડોદરા એકવાર દિવાળીએ ત્યાં ગયેલાં તે સાંજે એક કલાક માત્ર ફટાકડાની આતશબાજી થાય અને એમાં દાદા દસ બજારની લુમ સૌથી છેલ્લે સળગાવતાં એઠલે એ આખો મહોલ્લો ગાજી ઉઠતો.. અને પછી સૌ સાથે દિવાળીનો ફરાળ કરવાં બેસતાં, સંજયે એની યોદો ઠલવી દીધી...

પ્રવીણ બોલ્યો, યાર રાત્રે ગમે તેટલાં ફટાકડાં ફોડ્યાં હોય પણ સવારે એક જ કામ પેલાની ફુટેલાં ફટાકડાં વિણવાનું... અને હા પેલાં સાપોલીયા લગાડીએ એટલે ટાઈલ્સ ખરાબ થાય એટલે એ માટે ખાસ ઈંટો રાખતાં, પણ તોય સાપની ગોળી ગબડી પડતાં ટાઈલ્સ ખરાબ થાય એટલે મમ્મી બગડે, એટલે મોટા ભાગે સાપોલીયા જેનાં પર ખુજાસ હોય એનાં ત્યાં જ સળગાવી ટાઈલ્સ ખરાબ કરવાની અને એ ના હોય ત્યાં ગોળી સળગાવી ભાગી જવાનું, નયને એની તોફાની યાદ કરાવી.

બેસતા વર્ષે બધાંને મિત્રો સાથે મળવા જેવાનું અને પેટ ભરીને નાસ્તો ઝાપટવાનો અને પગે લાગીને રૂપિયા ભેગા કરવાની ખૂબ મજા.. રાત પડે પાછો કોરીનોટોનો હિસાબ માંડવાનો કોને કેટલાં મળ્યાં? અને આ બે વાક્યો તો ખાસ યાદ આવે, ઘરની જ આયટમ છે ખાપને, અને લાભપાંચમ પછી આવશો તો ભેળ જ મળશે. સંતોષ બોલ્યો.. મઠીયા, ચોરાફળી, ચકલી, શક્કરપારા અને હા પેલી લક્ષ્મી બેકરીની સ્કિમ ૧ કિલો લોટ માંથી બે કિલો ગળ્યાં બિસ્કીટ... બધાં એક સાથે તાલી પાડી ખુશ ખઈ ગયાં.!

ક્યારેક યાર લાઈફમાં આ દિવસો પાછા આવવા જોઈએ, સાલું રૂપિયા ઓછા અને આનંદ ભરપુર હતો... અને આપણાં છોકરાઓ કોમ્પ્યુટર-મોબાઈલ-ટીવી માંથી માથુ જ બહાર કાઢતાં નથી, કશું કરવું જ નથી, આ સાચ્ચીમજા ક્યારે માણશે?? બાળપણની મીઠી યાદ માંથી બધાં પાછા ધીમે ધીમે વાસ્તવિકતાની દુનિયામાં આવી ગયા!!

ચૂંટલો :

પરિવારનાં સભ્યો, ઘરનાં નાસ્તા, ફટાકડામાં વહેંચણી, રંગોળીના રંગો, ફુલો-તોરણનો શણગાર જેવી વાતોમાંથી અસ્સલ આનંદ મળતો હોય છે, રેડિમેડ નાસ્તાં, મિઠાઈ કે આઈનીસ સિરીઝથી દિવાળી ચમકી શકે નહીં. નજર બદલો નજરીયો બદલેગા. દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ...

નવા વર્ષનો પ્રત્યેક દિવસ નવી શરૂઆત ગણી ઉમંગથી આવકારવા જેટલા ખુલ્લા મનના આપણે સૌ બની શકીએ તેવી પ્રાર્થના

પારિજાત

- રેખા ભટ્ટ

'વીતેલી રાતના ઝંઝાવાત પછી મારૂં પ્રભાત સોને મઢી શાંતિના મુકુટ - શું શોભે છે!'

- રવિન્દ્રનાથ ટાગોર

(The storm of the last night has crowned this morning with golden peace.)

નવા વર્ષનું સવાર થયું છે અને દરેક માટે નવો ઉત્સાહ, નવી આશા, નવું જોમ લઈને આવ્યું છે. આપણે સૌ સજ્જ છીએ નવા વર્ષને આવકારવા માટે. કેમકે ગયા વર્ષના સારા-નરસા પ્રસંગો અને અનુભવો આજે આ ક્ષણે ભૂતકાળ બની ગયા છે. અને નજર સામે છે માત્ર અને માત્ર નવું- નક્કોર અને અણજાણ્યું છતાં નવેસરથી શરૂ થતું વર્ષ. નવા વર્ષને આસોપાલવના તોરણ બાંધીને આપણે સૌ આવકારીશું. જેવું હશે તેવું સ્વીકારીશું.

આપણે સૌ જાણીએ છીએ કે, દરેક વસ્તુમાંથી શુભ પ્રગટ થાય છે. અને દરેક અનુભવમાંથી પસાર થઈને આપણે નવું જ કંઈક શીખીએ છીએ. જાત અનુભવ આપણને વિકસવામાં અને હૃદયને વિશાળ બનાવવામાં મદદરૂપ થાય છે. એ સિવાય આપણે આપણાં સગાં-સ્નેહીઓને ઓળખી શકતાં નથી.

આપણા અનુભવમાં આવતી ઘટનાઓ પાછળનો હેતુ કે ધ્યેય આપણને સમજાતો ન હોવાથી, આપણી ઈચ્છા મુજબ ઘટના ના બને તો આપણે ચિડાઈ જઈએ છીએ. પણ સમય જતાં એનુ રહસ્ય છતું થાય ત્યારે જ આપણને જે તે વાતનો સાચો અર્થ સમજાય છે.

આપણા જીવનમાં જે કંઈ ઘટના બને તે ખરેખર આપણા જ વિચારોનું પરિણામ હોય છે. તેથી જ વારંવાર કહેવાય છે કે શુભ વિચારો જ કરવા અને સૌનુ કલ્યાણ થાય તેવી જ ભાવના રાખવી - કેમ કે બહાર જે ઘટનાઓ બને તે આપણા વિચારોનું જ પ્રતિબિંબ હોય છે. આપણું ભવિષ્ય આપણે સાથે જ લઈને ચાલીએ છીએ. મને ખૂબ ગમેલી એક સરસ વાર્તા યાદ આવે છે. વાત એવી છે કે, એક સાધ્વી એક ગામથી બીજા ગામ જઈ રહી હતી. ત્યાં રસ્તામાં અંધારું થતું જતું હોવાથી રાત વિતાવવા માટે દરેક ઘર આગળ જઈને આશરે માગે છે. પણે અજાણી સાધ્વીને કોઈ આશરો આપતું નથી.

સાધ્વી નિરાશ થઈને છેવટે ખુલ્લા ખેતરમાં રાત વિતાવવાનું નક્કી કરે છે. ખૂબ ઠંડી હોવાથી સાધ્વી ઊંઘી શકતી નથી અને જાગતી જ બેસી રહે છે, તે દરમ્યાન માથા પર પૂનમના ચંદ્રની ચાંદની વરસતી હોવાથી ચારેકોર અજવાળું પ્રસરી રહે છે અને તે જ વખતે ખેતરમાંનું ચેરીનું વૃક્ષ એકાએક ખીલી ઉઠે છે. ભરપૂર ચાંદની અને પૂરબહારમાં ચેરીનાં ફૂલો ખીલી ઉઠ્યા. ચારેતરફ જાણે દિવ્ય વાતાવરણ ખડું થઈ જાય છે. બીજડે દિવસે સાધ્વી પેલા ગામ તરફ પાછી જઈને, એક એક વ્યક્તિનો આભાર માને છે. લોક નવાઈ પામી આભાર માનવાનું કારણ પૂછતાં સાધ્વી કહે છે, 'તમે મને આશરો આપ્યો, હોત તો એક ખૂણામાં ટૂંટીયું વાળીને રાત ગુજારી હોત, અને બદલે તમે જાકારો આપ્યો તો મને કુદરતનું અવર્ણનિય રૂપ નિહાળવા મળ્યું. ઈશ્વરની કૃપા મારા પર વરસી તે બદલ તમારા સૌનો આભાર.'

એટલે ઘણીવાર આવું બનતું હોય છે. ખરાબ ઘટના પાછળ આપણું સદનસીબ છુપાયેલું હોય તેવું બની શકે. તેથી નવા વર્ષનો પ્રત્યેક દિવસ નવી શરૂઆત ગણી ઉમંગથી આવકારવા જેટલા ખુલ્લા મનના આપણે સૌ બની શકીએ તેવી પ્રાર્થના.

"Happy New Year"

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૪મી નવેમ્બર



- ૧૮૮૯ - ભારતનાં પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂનો અલ્હાબાદ ખાતે જન્મ. ડિસ્કવરી ઓફ ઇન્ડિયાના લેખક, પંચવર્ષીય યોજનાઓનાં પ્રણેતા - સમર્